

# મોબાઈલ સ્લિંગ પાઉચ બનાવો

આ તદ્દન ઈઝી-ટુ-ફૉલો વિડિયો છે, જેને જોઈને તમે તમારો સેલફોન રાખવા માટે એક ખાસ પાઉચ બનાવતા શીખશો.




પ્રેક્ટિસ કરવા તમે અત્યારે મારી સાથે જ પ્રેક્ટિસ કરી શકો છો.
શરુ કરવા માટે તમને જોઈશે: 9 x 13 ઈંચનું એક કપડું, 3 એક જ સાઈઝના કપડાના ટુકડા જે સેલફોનની સાઈઝથી 3 ઈંચ વધુ મોટા હોય અને એમાંનું એક પ્રિન્ટેડ કાપડ હોઈ શકે છે. એક શૉ માટેનું બટન, ચોટાડવા માટે 1 ઈંચ વેલક્રોનો ટુકડો.
પટ્ટા માટે એક લાંબી રિબન લો. હવે સરખા એક પર એક રાખી, બરાબર ખૂણે-ખૂણા મેળવી ગોઠવી દો, જેમાં પ્રિન્ટેડ ટુકડો ટુકડાની બે બાજુ વચ્ચે આવે.
પ્રિન્ટેડ ફેબ્રિક અને સૌથી ઉપરના ટુકડાની ચત્તી બાજુ એકબીજાને સામ-સામે આવે એ રીતે રાખો, જેમ કે તમે આ વિડિયોમાં જોઈ શકો છો.
બધા ટુકડાની જમણી બાજુ બરાબર ગોઠવીને પિન ભરાવી એકસાથે જોડી દો.
હવે એકસાથે રાખેલા આ ટુકડાઓ મશીન પર રાખો.
સ્ટિચ પેટર્ન સિલેક્ટરને A પર રાખો અને સ્ટિચ લેન્થને 2 થી 3 ની વચ્ચે રાખો.
પિન લગાવેલી બાજુ પ્રેશર ફુટની પાસે સીધી લાઈનમાં ગોઠવો.
પ્રેશર ફુટને નીચું કરો અને સીવવાનું શરુ કરો.
જેમ-જેમ સીવતા જાઓ, તેમ-તેમ પિન કાઢવાનું યાદ રાખો.
જ્યારે તમે, એક સાઈડ પુરી કરી છેડા સુધી આવો, ત્યારે રિવર્સ સ્ટિચ સિલેક્ટર દબાવો, અને થોડું રિવર્સ સીવીને રિવર્સ સિલેક્ટર છોડો. પછી અંત સુધી આ જ રીતે સીવી લો.
પ્રેશર ફુટ ઊંચું કરી કાપડ કાઢો અને થ્રેડ કટરથી દોરો કાપી નાખો.











અત્યારે તમે કપડાંની જમણી બાજુ સીવી છે, હવે કપડાના ટુકડાને એવી રીતે રાખો, જેથી પ્રિન્ટેડ અને સાદો ટુકડો બાજુ-બાજુમાં આવે.
તેમને સપાટ પાથરો. બંને બાજુથી વધારાનો દોરો કાપી નાખો.
હવે સીવેલા ટુકડાઓને મોટા ટુકડા પર તેમની ચત્તી બાજુઓ સામ-સામે આવે તે રીતે રાખો.
બધા ટુકડાની કિનાર, બરાબર મેળવીને ગોઠવો.
હવે પિન ભરાવેલી બાજુ સીવો.
કપડાને પ્રેશર ફુટની નીચે રાખો, અને હા, તેને સીધી લાઈનમાં રાખવાનું ભૂલશો નહીં.
રિવર્સ સ્ટિચ સિલેક્ટરથી ટાંકા બંધ કરો. કાપડના બીજા છેડા સુધી સીવવાનું ચાલુ રાખો.
નીચલા છેડાના ટાંકા પણ લોક કરો.
પ્રેશર ફુટ ઊંચું કરો, કપડું કાઢો અને થ્રેડ કટરથી દોરો કાપી નાખો.
હવે સીવેલા ટુકડા ખોલો અને પલટાવીને ઉભી ઘડી વાળો.
કિનારે કિનાર મેચ કરી, બરાબર ગોઠવો.
હવે કપડાને ફુટની નીચે રાખો.
રિવર્સ બટન દબાવી ટાંકા લોક કરો અને ખુલ્લી બાજુએ સીવવાનું ચાલુ રાખો.
જોઈન્ટ સુધી આવો તે પહેલા મશીન થોડી વાર બંધ કરો.
સાંધા એક લાઈનમાં ગોઠવો અને પછી બંને બાજુએ અલાવન્સ ઓન કરો.
સીવવાનું ચાલુ રાખો.
જ્યારે તમે કોર્નરના વળાંક પર આવો ત્યારે આકાર પ્રમાણે સીવો.
અહીં સીવવાની સ્પીડ ધીમી રાખો.
જરૂર પડે તો પ્રેશર ફુટને પિવોટ સુધી ઊંચકો.
વળાંક પરથી બીજી સાઈડ પણ સ્ટાર્ટિંગ પોઈન્ટથી કાળજીપૂર્વક સીવવા માંડો.
ટાંકા લોક કરવા માટે રિવર્સ સ્ટિચ સિલેક્ટરને નીચે કરો.
પ્રેશર ફુટ ઊંચકો, કપડું કાઢીને વધારાના દોરા કાપી નાખો.
હવે તમારા કપડાંની ત્રણ બાજુઓ સિવાઈ ગઈ છે અને એક બાજુ ખુલ્લી છે.
ફ્લેપને સરસ આકાર આપવા કોર્નર્સ અને સાંધાઓને સરખી રીતે ઉઠાવ આપો. અને સિમ અલાવન્સ રાખી એકસરખા અંતરે કાતરો.
ધ્યાનમાં રહે કે સિલાઈની લાઈન કપાઈ ના જાય.
હવે કપડાંની ખુલ્લી બાજુથી તેને અંદરથી બહાર પલટાવી ખાતરી કરો કે કોર્નરના વળાંકે શેપ બરાબર આવ્યો છે કે નહીં.
જો બરાબર ન હોય પિન વાપરી હળવેથી સાંધા ખેંચી શેપ સરખો કરો.
સાંધા સરખા કરવા ઈસ્ત્રી ફેરવો.
સરખો શેપ આવી જાય, એટલે ઉપરની ખુલ્લી બાજુ પકડો, તેની કાચી કિનાર અંદરની તરફ અડધો ઈંચ વાળો.














વાળેલી બાજુઓ સીધી લાઈનમાં રાખીને તે પટ્ટી પ્રેશર ફુટની નીચે મુકો.
પટ્ટી વાળીને તેને ધારેથી સીવો.
ફુટ ઊંચકો, અને સીવેલું કપડું કાઢી લો. વધારાના દોરા કાપી નાખો.
હવે સીવેલા ટુકડાઓને તેમની ઉંધી બાજુ ઉપર આવે તેમ રાખો.
વેલક્રોની બંને બાજુ છુટ્ટી પાડો.
વેલક્રોની રફ સાઈડ ફ્લેપના વળાંકના મધ્યબિંદુએ ઉપરથી અડધા ઈંચનું અંતર રાખી બેસાડો.
વેલક્રો બરાબર જગ્યાએ ગોઠવી, તેની બધી સાઈડ્સ કિનારથી સીવી દો.
બોક્સ સ્ટિચ તેને વધુ મજબૂત બનાવશે. જેથી ખોલતી વખતે તેની પકડ બરાબર રહેશે.
કોર્નર સુધી જાઓ ત્યારે સોય નીચે પ્રેશર ફુટ પિવોટ સુધી ઊંચું કરીને કપડું ફેરવો.
આ દરેક કોર્નર માટે રિપીટ કરો.
રિવર્સ સ્ટિચ સિલેક્ટર વાપરી, ટાંકા લોક કરો.
આ પછી પ્રેશર ફુટ ઊંચું કરો, ફેબ્રિક કાઢો અને વધારાના દોરા કાપી નાખો.
હવે કપડાંની નીચેની બાજુ એ રીતે ફોલ્ડ કરો, જેથી સિવાયેલી બાજુ ફ્લેપના સાંધાને મળે.
ફ્લેપ નીચેના કપડાં પર તેની પોઝિશન પ્રમાણે માર્કિંગ કરવા ફોલ્ડ કરો.
વોટર સોલ્યુબલ માર્કરનો ઉપયોગ કરો.
હવે વેલક્રોની બીજી બાજુ લો અને માર્ક પર રાખો.
ફોલ્ડ ખોલો અને ફેબ્રિકને મશીન પર ગોઠવો.
વેલક્રોને તેની બધી સાઈડ્સથી સીવી લો.
હવે કપડાને કાઢી લો અને વધારાના દોરા બંને તરફથી કાપી નાખો.
હવે સીવેલા ટુકડાની ઉંધી બાજુ ઉપર આવે તેમ રાખો.
ઉપલી બાજુ સાંધાને મળે તે રીતે કપડાને વાળો.
હવે ફક્ત ખુલ્લી બાજુની કિનાર સીવવાની બાકી છે અને પટ્ટો જોડવાનો બાકી છે.
કામ સહેલું કરવા માટે રિબન વાપરી શકો છો, અથવા તમારા વધેલા કપડામાંથી પટ્ટો બનાવી શકો છો.
રિબનનો એક છેડો ઉપલી બાજુએ બંને કિનારોની વચ્ચેથી અંદર નાખો. પ્રેશર ફુટ નીચે સીધી લાઈનમાં બરાબર ગોઠવી પ્રેશર ફુટ નીચે કરો.
સીવવાનું શરુ કરો.
રિવર્સ સ્ટિચથી ટાંકા પાક્કા કરો.







સીવતી વખતે ધારથી નજીક રહો.
છેક સુધી સીવતા રહો.
રિવર્સ સ્ટિચથી ટાંકા બંધ કરો.
રિબન લઈ તેની આંટીઓ સીધી કરો.
રિબનનો બીજો છેડો સીવેલા કોર્નરની સામી બાજુએ ગોઠવો.
હવે જે રીતે તમે પહેલો છેડો સીવ્યો, તે જ રીતે આ છેડાને પણ સીવી લો.
ધારથી નજીક એજ-સ્ટિચથી સીવો.
બંને કિનાર બરાબર મળે તેનું ધ્યાન રાખો.
આટલું થાય એટલે રિવર્સ સ્ટિચથી ટાંકા લોક કરી દો.
મશીન બંધ કરો અને પ્રેશર ફુટ ઊંચકી કપડું કાઢી લો.
વધારાના દોરા કાપી નાખો.
તમારું પાઉચ હવે રેડી છે.
જો તમારે ફ્લેપ પર દેખાતી વેલક્રોની સિલાઈને કવર કરવી હોય તો તમે તે સિલાઈ પર એક ડેકોરેટિવ ફુલ કે સુંદર બટન મૂકી શકો છો.
આ માટે દુકાનમાંથી રેડી-મેડ ક્રોશે ફૂલ લાવી તેને ચિપકાવી શકો છો.
એક ટીપું ફેબ્રિક ગ્લૂ લગાડી તેને તમારા ફેબ્રિક પર લગાવી દો.
જરાક જ દબાવીને તેને થોડા કલાક સુધી મુકો.
જોયું, તમારું મોબાઈલ પાઉચ તૈયાર થઈ ગયું!
જુદા-જુદા રંગના જુદા-જુદા ફેબ્રિક વાપરીને તમે નવા-નવા પ્રયોગો કરી શકો છો.
બનાવવાની રીત એ જ રહેશે. થઈ જાય ત્યારે લટકાવો અને અમને પણ જરૂર બતાવો!